# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૪ તા.૨૦-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઓકટોબર માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક કસોટીના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૧૨૨૮૯-૧૨૩૭૮ તા.૦૫-૧૦-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, કોવીડ-૧૯ સમય દરમ્યાન હોમલર્નિંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ થી ઓગષ્ટ અને સપ્ટેમ્બર માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામાયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

- ઓકટોબર માસમાં તા.૨૭ થી ૨૯ ઓકટોબર દરમ્યાન ધોરણ ૩ થી ૪માં પર્યાવરણ અને ધો.૫માં પર્યાવરણ અને ગણિતની કસોટી લેવાશે. ધોરણ ૬ થી ૮માં ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયની કસોટી લેવાશે.
- તા.૨૭ થી ૨૯ ઓકટોબર દરમ્યાન કસોટી યોજવામાં આવનાર છે. તા.૨૬-૧૦-૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફટકોપી પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૬-૧૦-૨૦૨૦ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે-તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા પર QR કોડમાં પણ જોઈ શકાશે.
- કસોટીની ઉત્તરવહી તા.૫-૧૧-૨૦૨૦ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તેવું સુનિશ્ચિત કરવું.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતીની કસોટી હોય ત્યાં અન્ય માધ્યમમાં જે-તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યાં હિન્દી માધ્યમમાં ગુજરાતી(દ્વિતીય ભાષા)ની કસોટી લેવાની રહેશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યાં અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી(દ્વિતીય ભાષા)ની કસોટી લેવાની રહેશે.
- લર્નિંગ આઉટકમને ધ્યાને લઈ કસોટી તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાતી અને ગણિત વિષયની કસોટીમાં જુલાઈ માસમાં લેવામાં આવેલ અભ્યાસક્રમ સપ્ટેમ્બર માસની કસોટીમાં સમાવિષ્ટ કરવામાં આવશે નહી.
- કસોટીના અભ્યાસક્રમના આયોજનની નકલ આ સાથે સામેલ છે.

સમગ્ર કસોટી દરમ્યાન કોવીડ-૧૯ની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૦-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2020/ ૧૨૨૮૯-૧૨૩૭૮
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : **director-gcert@gujarat.gov.in**
**Web : www.gcert.gujarat.gov.in**

તારીખ: **05/10/2020**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

વિષયઃ ઓક્ટોબર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા.૨૮/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

ઓક્ટોબર માસમાં લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ઓક્ટોબર માસમાં ધોરણ ૩ અને ૪ માં પર્યાવરણની કસોટીઓ લેવાશે. ધોરણ ૫ માં પર્યાવરણ અને ગણિતની કસોટી લેવાશે જયારે ધોરણ ૬ થી ૮ માં ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયની કસોટીઓ લેવામાં આવશે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૭ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૨૬/૧૦/૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા. ૨૬/૧૦/૨૦૨૦ ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયનાં પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code માં પણ જોઈ શકાશે.

- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહી તા. ૦૫/૧૦/૨૦૨૦ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટી તૈયાર કરવામાં આવશે. કસોટીના અભ્યાસક્રમની નકલ આ સાથે સામેલ છે.

સચિવ

જીસીઈઆરટી

ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

- માન.શિક્ષણસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી., એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

**નકલ રવાના:**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

# સામયિક મૂલ્યાંકન કસોટી (ઓક્ટોબર, ૨૦૨૦ )

| ક્રમ | વિષય-પાઠ્યક્રમ | ધોરણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | **વિષય** | પર્યાવરણ | પર્યાવરણ | પર્યાવરણ | વિજ્ઞાન | વિજ્ઞાન | વિજ્ઞાન |
| | પ્રકરણ (એકમ) | ૭ થી ૧૧ | ૭ થી ૧૧ | ૬ થી ૯ | ૫ થી ૭ | ૫ થી ૮ | ૫ થી ૮ |
| 2 | **વિષય** | | | ગણિત | ગણિત | ગણિત | ગણિત |
| | પ્રકરણ (એકમ) | | | ૩ થી ૬ | ૩ થી ૬ | ૩ થી ૬ | ૩ થી ૬ |
| 3 | **વિષય** | | | | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન |
| | પ્રકરણ (એકમ) | | | | ૧૪, ૪, ૧૦ | ૧૪, ૪, ૧૦, ૧૫ | ૫ થી ૮ |

**નોંધઃ અન્ય માધ્યમમાં ધોરણ ૫- પર્યાવરણ અને ધોરણ- ૭ સામાજિક વિજ્ઞાનમાં જૂના કોર્સના આધારે સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ સમાવિષ્ટ કરવામાં આવશે.**